## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના બેટા અમારા વખતમાં આવા કોઈ ડે ન હતા, ખાલી હરડે હતી.... એ હું આજે પણ લઉં છું. પેટ સારૂ સાફ આવે એના થી...!!

# પીડીપીયુ માર્ગ પર સીલીકોન હિલ્સમાંથી ૩.૭૦ લાખની ચોરી

## બી-૭૦૩ સહિત અન્ય બે ઘરના પણ તાળા તુટ્યા છે, ઘરમાં પ્રવેશી તસ્કરો સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી, ચોર ઈસમોને પકડી પાડવા પોલીસનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૦

પીડીપીયુ માર્ગ પર આવેલ સીલીકોન હિલ્સ સોસાયટીના બંધ મકાનમાંથી રૂ.૩.૭૦ લાખની ઘરફોડ ચોરી થવા પામી છે. ચોર ઈસમોએ ઈન્ટરલોક તોડી ઘરમાં પ્રવેશી બેડરૂમમાં રહેલા લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના લઈ ફરાર થઈ ગયા છે. જયારે ચોર શખ્સોએ અન્ય પણ બે ઘરના તાળા તોડ્યા હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર ઈશમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાધાબેન કુંજલકુમાર ત્રિવેદી (ઉં.૩૯ ઘરકામ) પોતાના દિકરા સાથે પીડીપીયુ માર્ગ પર આવેલા સીલીકોન હિલ્સ ખાતે ઘર નં.બી-૭૦૩ ખાતે રહે છે. ફરીયાદી ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામના વતની છે અને તેમના પતિ કુંજલકુમાર સુર્યકાંત ત્રિવેદી વર્ષ ૨૦૧૮ થી યુએસ ખાતે રહે છે. ફરીયાદી તેમના દિકરા સાથે પોતાના પિયર કડી ખાતે ગત તા.૬ ના રોજ ગયા હતા અને તા.૯ ના રોજ પરત ફર્યા હતા. ઘરે આવીને જોયુ તો ઘરને માર્યુ હતુ તે લોક હતુ ન હતું અને ઈન્ટર લોક પણ તુટેલી હાલતમાં હતું. ઘરના લોક તુટેલા હોવાથી રાધાબેને સોસાયટીના સુપરવાઈઝર ને બોલાવ્યા હતા અને પછીથી ઘરમાં તપાસ કરી હતી. ઘરનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. ઘરના બેડરૂમમાં રહેલા લાકડાના કબાટના લોકરમાં રાખેલા રૂ.૮૦ હજારનો સોનાનો સેટ, ૮૦ હજારની સોનાની બે જોડ બુટ્ટી, ૮૦ હજારની સોનાની લકી, રૂ.૨૦ હજારનુ સોનાનું પેંડલ, ૬૦ હજારની સોનાની ચાર વીંટી, ૪૦ હજારનું સોનાનું મંગળસુત્ર તેમજ રૂ.૮૫૦૦ની કિંમતના ચાંદીના દાગીના અને રોકડનો સમાવેશ થાય છે. બનાવ અંગે જાણ થતા ઈન્ફોસીટી પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ સોસાયટીના સીસીટીવી ફુટેજ મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૫૦૦થી વધુ શિક્ષકોનું વેકસીનેશન થઈ ચુક્યુ છે.
- બુથ લેવલ ઓફિસર્સ દ્વારા નવા મતદાર તરીકે નોંધાયેલાઓને ચૂંટણી ઓળખ કાર્ડનું વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ફોર્મનો ઉપાડ આજે ત્રીજે દિવસે પણ વધુ જોવા મળ્યો છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ જિલ્લામાંથી ૩૫૦ જેટલા હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે.
- આજે કોરોના વેક્સીનેશનમાં ગતિ આવે તે માટે બે વખત અલગ અલગ સમયે વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. એક કોન્ફરન્સ હોસ્પિટલો માટે અને બીજી કોન્ફરન્સ જિલ્લાઓમાં ચાલતા વેક્સીનેશન અંગે.
- દહેગામ-નરોડા રોડની મરામતનું કામ આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચારનો મુદ્દો બનશે તેવી રાજકીય ચર્ચાએ જોર પકડ્યુ છે.
- સચિવાલયના ૧૫૦૦થી પણ વધુ કર્મયોગીઓને અમદાવાદ કોર્પોરેશનમાં ઈલેક્શન ડ્યુટી આપવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં આજે કોરોના વેક્સીનેશનની ખાસ સેશન સાઈટનું આયોજન કરાયુ છે.

# માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત સાદરાના એનએસએસની મહિલા સ્વયંસેવકોની જહેમત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સાદરામાં ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગના રાષ્ટ્રીય સેવા યોજન એકમની બહેનો સ્વયંસેવકો પણ ગામે ગામે યુવા કાર્યક્રમ અને માર્ગ સલામતી જાગૃતિ અભિયાનમાં મદદ કરી રહ્યા છે જેમાં વિશેષ રીતે ગયા વર્ષે ગણતંત્ર દિવસની દિલ્હીમાં આયોજિત પરેડમાં ભાગ લીધેલ સ્વયંસેવકો હસ્તી વેગડ અને જિનલી મોતાં આ જાગૃતિ અભિયાનમાં મદદ કરી રહ્યા છે. જેઓ કેવી રીતે ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા યુનિસેફ સંસ્થા સાથે મળી વિવિધ પ્રકારના યુવાઓ માટેના કાર્યક્રમો કરવામાં આવશે તેની માહિતી યુવાઓ અને વિદ્યાર્થીઓને જણાવી રહી છે અને તેમાં યુનિસેફ



તરફથી નક્કી કરેલ સ્ટેટ કન્સલ્ટન્ટ કમાર મનીષ અને શર્મિલા રાય દ્વારા આપવામાં આવેલી માહિતી અને યુ રિપોર્ટ વિષેની જાણકારી પણ યુવાઓ સાથે અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવી રહી છે. આવતા દિવસોમાં પણ શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા ઓનલાઈન માધ્યમથી વેબીનારના આયોજન કરવામાં આવશે અને સાદરાની આજુબાજુના ગામોમાં પણ યુવા કાર્યક્રમ અને માર્ગ સલામતી જાગૃતિ અભિયાન વધારે શક્તિ સાથે ચલાવવામાં આવશે અને આ સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયી પ્રવૃત્તિના આયોજનમાં કામગીરી કરી રહી બહેનો સ્વયંસેકોને શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ ખુબજ અભિનંદન અને શુભેચ્છા આપી હતી. કાર્યક્રમમાં માર્ગદર્શન અને પ્રોત્સાહન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ દ્વારા આપવામાં આવ્યુ હતુ.

# બેંક અધિકારીની ઓળખ આપી મહિલા સાથે રૂ. ૯,૯૯૫ની છેતરપિંડી

## એટીએમ બંધ થઈ જશે તેમ કહીને છેતરપિંડી થઈ

ગાંધીનગર, તા.૧૦


કુડાસણ ખાતે રહેતા એક મહિલાને બેંક ઓફ બરોડામાંથી બોલું છુ કહીને ફોન પર અધિકારી તરીકેની ઓળખાણ આપી એટીએમ બંધ થઈ જશે તેમ કહીને ૧૬ આંકડાનો અને સીવીસી નંબર સાથે ઓટીપી મેળવી લઈ રૂ.૯,૯૯૫ ની છેતરપિંડી થઈ હતી. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ વિસ્તારમાં આવેલા સાર્થક સંકલ્પ ખાતે રહેતા અસ્મિતાબેન જેસીંગભાઈ ડોડિયાએ ગત તા.૧૯ નવેમ્બર ૨૦૨૦ ના રોજ તેમના પર એક કોલ આવ્યો હતો.જેમાં એક શખ્સ બેંક ઓફ બરોડાની બ્રાંચમાંથી વાત કરુ છું. જેમાં સામેવાળા વ્યકિતએ એટીએમ બંધ થઈ જશે તેમ કહીને મહિલાને વિશ્વાસમાં લઈને કાર્ડ પર રહેલા ૧૬ આંકડાનો નંબર તેમજ સીવીસી નંબર માંગ્યો હતો. ત્યારબાદ મહિલાએ નંબર લખાવતા ઓટીપી નંબર સેન્ડ કરવાનું કહી ફોન કટ કરી દીધો હતો.થોડીવાર પછી આ શખ્સનો ફરીવાર ફોન આવ્યો હતો અને ઓટીપી નંબર માંગ્યો હતો. જેથી મહિલાએ ઓટીપી નંબર આપતા જ ફોન કટ કરી દીધો હતો. થોડીવાર પછી સમગ્ર બનાવ અંગે મહિલાએ પતિને જાણ કરતા તેઓએ છેતરપિંડીની શંકા વ્યકત કરી હતી.જેને પગલે મહિલાએ ફોન માં રહેલી એપ્લિકેશન મારફતે એકાઉન્ટમાં બેલેન્સ ચેક કરતા રૂ.૯૯૯૫ ના ટ્રાન્જેકશન સાથે શોપીગ થયુ હોવાનું સામે આવ્યુ હતું.જેથી બનાવ અંગે મહિલાએ સાઈબર ક્રાઈમમાં અરજી કરી હતી જેને પગલે આ બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

# ગાંધી આશ્રમીજીવન અને કોરોના રસીકરણ અંગેનો વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરાના બી.એ., એમ.એ. વિભાગના વિદ્યાર્થી ભાઈઓ,



બહેનો દસ માસથી કોરોના સંક્રમણને લીધે ઘરે બેઠા બેઠા ઓનલાઈન શિક્ષણ કાર્ય કરી રહ્યા હતા તેવા બી.એ. સત્ર-૬ અને એમ.એ. સત્ર-૪ના વિદ્યાર્થી ભાઈઓ બહેનોનું ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ થતાં છાત્ર નિવાસી વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને છાત્રાલયની શાયમ પ્રાર્થનામાં આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાએ કોરોના રસીકરણ જાગૃતિ અંગેનો વાર્તાલાપ કર્યો. જ્યારે સંકુલના સંયોજક રમેશભાઈ પટેલે ગાંધી આશ્રમમાં શિક્ષણ કાર્ય સાથે છાત્રાલય, ભોજનાલય, ગૌશાળા અને ઉદ્યોગને અતિ મહત્વના અંગો ગણાવી વિદ્યાર્થી ભાઈી બહેનો છાત્રાલયમાં નિવાસ કરે. ભોજનાલયમાં ભોજન કરે, ગૌશાળામાંથી જ ગાયનું દૂધ લે અને વિવિધ ઉદ્યોગોની તાલીમ લઈ સ્વાવલંબી જીવન જીવતા શીખે તેનું નામ ગાંધી આશ્રમની જીવન જીવ્યા કહેવાય તે અંગેનો વાર્તાલાપ કર્યો. ગૃહપતિ મોહનભાઈ પટેલ, જયેશભાઈ રાવલ તેમજ ગૃહમાતા વસંતી પરમાર, સ્મીતા ગામીતની સુચારૂ દેખરેખ હેઠળ ગાંધી આશ્રમી જીવન જીવવાની વ્યવસ્થાઓ ગોઠવાઈ. શાયમ પ્રાર્થનામાં ભજન અને ધૂન આજ્ઞાકિત છાત્રનિવાસી કરશન દેસાઈએ બૂલંદ અવાજે કરાવી હતી.

# સેકટર-૧૧ વોડાફોન કેશીયરના બાઈકની પાર્કિંગમાંથી ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષમાંથી બપોરના સમયે હોન્ડા શાઈનની ચોરી થઈ છે. વોડાફોનમાં કેશીયર તરીકે બજાવતા યુવાને સવારે બાઈક પાર્ક કર્યું હતું. બપોરે જમવા જવા માટે નીકળ્યો હતો, તે સમયે જોયું તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બાઈક ન મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

શહેરમાં વાહન ચોરીના કિસ્સા સતત વધી રહ્યા છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર શખ્સો વાહનચોરીને અંજામ આપી રહ્યા છે. પોલીસ વાહનચોરોને પકડવા માટે કમરકસી રહ્યા છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૬ બ્લોક નં.૬૨-૨ ચ ટાઈપ ખાતે રહેતા જયમીન અમૃતલાલ ચૌહાણ (ઉં.૩૧) વોડાફોન સ્ટોર ખાતે કેશીયર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૩ ના રોજ જયમીન સવારે ૯.૩૦ કલાકે ઓફિસ આવી જઈને બાઈક નં. જી.જે.૧૮.સી.એસ.-૬૯૧૩ પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યાના અરસામાં ઘરે જમવા માટે બહાર નીકળીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી જયમીને આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરી હતી. પરંતુ ચોર ઈશમ લઈ ગયેલ બાઈક હાથમાં આવ્યું ન હતું. પોલીસે રૂ.૪૫.૦૦૦ હજાર બાઈકની કિમત ગણીને પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




ગાંધીનગરના જાણીતા વીમા એજન્ટ તથા કલ્ચરલ ફોરમના અગ્રણી રાજન ભરતકુમાર શાહને વીમા વિક્રય ક્ષેત્રે યશસ્વી પ્રદર્શન બદલ પ્રતિષ્ઠિત એમડીઆરટી એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ટાટા એઆઈએ વીમા કંપનીમાં વીમા એજન્ટ તરીકે કાર્યરત છે.

# રાજ્યની ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સમાં ટ્રેનિંગ કલાસીસ ફરીથી શરૂ કરાયા

ગાંધીનગર, તા. ૧૦

કોવિડ-૧૯ની મહામારીને કારણે રાજ્યમાં બંધ કરવામાં આવેલી ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સ (ITIs)ને શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ફરીથી શરૂ કરવામાં આવી છે અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજથી ત્યાં ટ્રેનિંગ ક્લાસીસ શરૂ થઈ ગયા છે. રાજ્ય સરકારે જાહેરાત કરી છે કે, હવે NCVT/GCVT ૧ અને ૨ વર્ષના કોર્સીસ માટે ટ્રેનિંગ ક્લાસીસ શરૂ કરવામાં આવશે.

સ્કિલ ડેવલપમેન્ટ અને એન્ટરપ્રેન્યોરશિપ મંત્રાલય દ્વારા ITIsને ફરીથી શરૂ કરવા માટે જાહેર કરવામાં આવેલી એડવાઈઝરીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ૮ ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવેલા સરકારી ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે NCVT/GCVT ટ્રેનર્સ માટે ૧ અને ૨ વર્ષના કોર્સીસ માટે ITIs પ્રેક્ટિકલ ટ્રેનિંગ્સ અને એન્જિનિયરિંગ ડ્રોઈંગ ક્લાસીસ શરૂ થશે.

શ્રમ અને રોજગાર વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી વિપુલ મિત્રા (IAS)એ જણાવ્યું કે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે અને વર્ગોની ક્ષમતા તેમજ ફિઝિકલ સ્પેસના અવરોધોને ધ્યાનમાં રાખીને ITIs તેમના બેચ ટાઈમિંગ્સ નક્કી કરશે. રાજ્ય સરકાર, ગૃહ મંત્રાલય તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન્સનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે અમે સૂચનાઓ જારી કરી છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી કોવિડ ગાઈડલાઈન્સનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે અને તેનું મોનિટરિંગ કરવા માટે દરેક ITI એ નોડલ અધિકારીઓની નિમણૂંક કરવાની રહેશે.

શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા સરકારી ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે ટ્રેનિંગ કલાસીસ શિફ્ટ પ્રમાણે અથવા તો ઓલ્ટરનેટ દિવસે એટલે કે ૩ દિવસ અથવા એક દિવસમાં ચાર કલાક, એ રીતે લેવામાં આવશે. તેનો નિર્ણય પ્રવર્તમાન સુવિધાઓના આધારે ITIs દ્વારા લેવામાં આવશે. ITIs માં પ્રવેશતા પહેલા સ્ક્રીનીંગ અને સેનિટાઈઝિંગ ફરજિયાત રેહશે. ટોળામાં ભેગા થવાની પરવાનગી આપવામાં આવી નથી તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગ સુનિશ્ચિત કરવા માટે ITIsના ગ્રાઉન્ડમાંથી બેન્ચીસ હટાવી દેવાશે.

# અહો આશ્ચર્યમ..!! બોટાદની વ્યક્તિને આવ્યું સ્વપ્નને નાંદોલમાંથી પ્રાચીન મુર્તિઓ નીકળી..!!



ગાંધીનગર, તા.૧૦

જ્યારે કોઈ પ્રાચીન મંદિર કે સ્થળ અથવા મૂર્તિઓ અંગે કોઈ એમ કહેતું કે ફલાણા વ્યક્તિને સ્વપ્રમાં આવીને ઈષ્ટદેવે કે કુળદેવીએ જણાવ્યુ હતું જેના આધારે મળેલી મુર્તિને અહી મંદિર બનાવીને સ્થાપના કરવામાં આવી છે કે મંદિર મળી આવ્યું હતું તો આપણે ઝટ એ વાત માનવા તૈયાર થઈ જતાં નથી પરંતુ તાજેતરમાં એવી ગાંધીનગર જિલ્લાના નાંદોલમાં એવી ઘટના બની છે કે આવી વાતો હવે ગંભીરતાથી લેવાની ફરજ પડશે. આ ઘટનાની વિગત અનુસાર નાંદોલથી આશરે ૨૦૦ કિમી દૂર બોટાદના એક વ્યક્તિને આવેલા સ્વપનને આધારે નાંદોલમાં ખોદકામ કરવામાં આવતા પ્રાચીન મૂર્તિઓ મળી આવતા આશ્ચર્ય ફેલાયું છે અને આ વાત વાયુ વેગે ચોમેર પ્રસરી જતાં લોકો આ મૂર્તિઓના દર્શનાર્થે આવી રહ્યા છે.

સમગ્ર ઘટનામાં મળતી વિગતો મુજબ બોટાદ ખાતે રહેતા એક વ્યક્તિને થોડાક સમય પહેલા સ્વપ્ર આવ્યું હતું જેમાં તેમના કહેવાતા પૂર્વજોએ ગાંધીનગર જિલ્લાના દહેગામ પાસેના નાંદોલ ગામે તેમના પૂર્વજોની મૂર્તિઓ જમીનમાં દટાયેલી પડી હોવાનું જણાવ્યુ હતું. આ વાત તેના પરિવારના સભ્યોએ ગંભીરતાથી લઈને તેઓ બધા તાત્કાલિક દહેગામ પાસેના નાંદોલ ગામે પહોંચ્યા હતા. અહી તેમણે નાનદોલના કેટલાક ગ્રામજનોને વિશ્વાસમાં લઈને સ્વપ્રમાં સૂચિત જગ્યાએ ખોદકામ કરતાં જ સૌના આશ્ચર્ય વચ્ચે જમીનમાથી પેલી વ્યક્તિના જણાવ્યા અનુસાર તેમના પૂર્વજોની પ્રાચીન મૂર્તિઓ મળી આવી હતી. આ મૂર્તિઓ તેમના પૂર્વજ પોપટબાપાની હોવાનું અને આ પરિવાર પોતે સાત—આઠ પેઢીઓ પૂર્વે નાંદોલના જ હોવાનું બોટાદથી આવેલ પરિવારના વડીલે ગામલોકોને જણાવ્યુ હતું. મોડી સાંજ સુધી આ મૂર્તિઓની પૂજા અર્ચના કરી હતી પરંતુ કોઈને સ્વપ્રમાં સંકેત મળે અને આશરે ૨૦૦ કિમી દૂરથી મૂર્તિઓ મળી આવે તે ઘટનાએ સમગ્ર દહેગામ તાલુકામાં ભારે આશ્ચર્ય ફેલાવ્યું છે.અને અહી દર્શનાર્થીઓ મૂર્તિઓના દર્શન કરવા આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે નાંદોલ ગામનો એક ભવ્ય ભૂતકાળ છે, પ્રાચીન કાળમાં છોટી કાશી અથવા નંદપુરી તરીકે તરીકે ઓળખાતા નાંદોલ ગામનો ભવ્ય ઐતિહાસિક વારસો હોવાથી અહીંના પેટાળમાં અનેક સ્થાપત્યો ધરબાયેલા પડ્યા હોય તેવી શક્યતા છે.



નભોઈ ગામ ખાતે ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ શક્તિભાઈ પટેલ દ્વારા સેવાકીય કાર્યને આગળ વધારતા જુના નભોઈ પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન લેતા બાળકોને ભોજનની ડીશોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં રાજકીય અને સામાજીક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

જાવક નં.-જાહેર ટેન્ડર નોટીસ- -૨૦૨૦-૨૦૨૧
પ્રાંતિજ નગરપાલિકા કચેરી
પ્રાંતિજ. તા. ૧૦/૨/૨૦૨૧

જાહેર ટેન્ડર નોટીસ
૨૦૨૦-૨૦૨૧

આથી પ્રાંતિજ નગરપાલિકા તરફથી જણાવવામાં આવે છે કે, સરકારશ્રી દ્વારા રમત-ગમત વિભાગ દ્વારા પ્રાંતિજ નગરપાલિકાને જીમ સેન્ટર માટે સાધનો ફાળવવામાં આવેલ છે. સદર જીમ સેન્ટર ચલાવવા માટે વાર્ષિક ભાવ અંગેના ટેન્ડર ફોર્મ નગરપાલિકા કચેરી ખાતેથી તા. ૧૮/૨/૨૦૨૧ સુધી લઈ જઈ ભાવ સીલબંધ કવરમાં તા. ૨૨/૨/૨૦૨૧ સુધીમાં પ્રાંતિજ નગરપાલિકા કચેરી ખાતે આપી જવા જણાવવામાં આવે છે. ટેન્ડર ફી (ડી.ડી.) રૂ. ૧૦૦૦/- તથા ઈ.એમ.ડી. રૂ. ૫૦,૦૦૦/- ભરવાની રહેશે. ભાવ મંજૂર યા નામંજૂર કરવાનો અધિકાર સદર પ્રાંતિજ નગરપાલિકાને અબાધિત રહેશે.

(ઊર્મિલા એમ. સુમેસરા) મુખ્ય અધિકારી
(દિલીપભાઈ પી. રાવલ) ચેરમેન, આરોગ્ય વિભાગ
(જશોદાબેન એન. રાઠોડ) અધ્યક્ષશ્રી, કારોબારી સમિતિ
જગદીશકુમાર એલ. કિંમતાણી) ઉપપ્રમુખશ્રી
(દિપકભાઈ એચ. સથવારા) પ્રમુખશ્રી

પ્રાંતિજ નગરપાલિકા - પ્રાંતિજ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં. ૨૬ સને ૨૦૨૦-૨૧
ટેન્ડર આઈ.ડી.-૪૪૮૮૨૯

કાર્યપાલકક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, મામલતદાર કચેરી કંપાઉન્ડ, ડીસા-૩૮૫૫૩૫ જિલ્લો - બનાસકાંઠા ટેલીફોન નં. - ૦૨૭૪૪૨૨૦૦૩૧ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

(૧) **કામનું નામ** : બી.કી.-૪ ફેઝ ૨એ જુથ યોજના તળેના ૧૩ ગામને પાણી આપવાનું તથા સમગ્ર યોજના તળેના નેટવર્કના સીવીલ કામો, સ્ટોરેજ સ્ટ્રક્ચર્સ, રાઈઝીંગ મેઈન, ગ્રેવીટી મેઈન પાઈપ લાઈન નેટવર્કનું મરામત અને નિભાવણીનું કામ - ૨૪ માસ માટે. તાલુકો : થરાદ, અને લાખણી, જી. બનાસકાંઠા

(૨) **અંદાજીત કિંમત** - રૂ. ૩૭.૪૧ લાખ

(૩) **ટેન્ડર માટેની પાત્રતા** - ગુજરાત સરકારના મા.મ./ગુ.પા.પુ.ગ.વ્ય. બો. / સિંચાઈ વિ.ના અનુસાર 'ઈ-૧' ક્લાસ અથવા ભારતના અન્ય રાજ્યોમાં અથવા ભારત સરકારમાં સમાન ક્લાસમાં બાંધકામનું રજીસ્ટ્રેશન ધરાવતા. તથા નાણાકીય અને તાંત્રીક માપદંડ પરિપૂર્ણ કરતા ઈજારદાર.

(૪) **ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ** - ૧/૩/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધી. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com, www.gwssb.org & www.nprocure.com ઉપરથી આ ટેન્ડર નોટીસની વિગતવાર માહિતી જોઈ શકાશે. ટેન્ડર અંગેની વધુ વિગતો અને શરતોની માહિતી ઉપર જણાવેલ કચેરીએથી કચેરી સમય દરમિયાન મેળવવાની રહેશે. જે સર્વેને બંધનકર્તા રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા / રદ કરવાની સત્તા ગુ.પા.પુ. અને ગ. વ્ય. બોર્ડની અબાધિત રહેશે. હવે પછીનો સુધારો વેબસાઈટ પર જોવા મળશે.

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડના હેલ્પલાઈન નં. ૧૯૧૬ જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

નં. નામાનિ/પાલન/૫૨૨/૨૦૨૦-૨૦૨૧